## સુરતીઓમાં ઉત્તરાયણ પહેલા કિન્ના બાંધવાની પ્રથા યથાવત



(તસવીર : હેમંત ડેરે)

■ સુરત જ એવું શહેર છે કે જ્યાં ઉતરાયણની સાથે વાસી ઉતરાયણ પણ ઉજવવામાં આવે છે. વર્ષો પહેલા આ તહેવારની આગલી રાતે મિત્રો સાથે મળીને પતંગને કિન્ના બાંધતા હતાં. હવે કિન્ના સાથેના તૈયાર પતંગ મળે છે અથવા તો ચગાવતા પહેલા જ કિન્ના બંધાઇ છે. જો કે, કેટલાક સુરતી પરિવારોએ જૂની પરંપરા જાળવી રાખી છે.

# ૧ રૂપિયો જમા થયા બાદ ખાતામાંથી ૫.૬૫ લાખ ઉપડી ગયા

**એલઆઇસીનું** પ્રિમિયમ ભરવા પાસબુક ચેક કરી ત્યારે ઠગાઇની ખબર પડી

સુરતઃ અડાજણ વિદ્યાકુંજ સ્કૂલની સામે આવેલા શિવ શક્તિ રો-હાઉસમાં રહેતા અને નિવૃત્ત જીવન પસાર કરતા ૬૨ વર્ષીય વૃદ્ધના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના બેંક એકાઉન્ટમાંથી અજાણ્યા ભેજાબાજોએ ૫.૬૫ લાખ રૂપિયાની ઠગાઈ કરી લીધી છે. આ મામલે પીડિત દ્વારા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિરવલ ગામના મૂળ વતની બિપિન રામાભાઈ ગરાસીયા નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. ગત તા. ૧૪-૦૧-૨૦૨૫ના રોજ તેમના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો કે તેમના SBIના બેંક એકાઉન્ટમાં ૧ રૂપિયો ક્રેડિટ થયો હતો. ત્યાર બાદ તેમના ત્રણ અલગ-અલગ બેંક એકાઉન્ટમાંથી રૂ. ૫,૬૫,૩૯૯/- ટ્રાન્સફર થઈ ગયા હતા.

દિવસો બાદ એલઆઈસીનું પ્રીમિયમ ભરવાનું હોવાથી બિપિનભાઈ બેંક શાખામાં પહોંચ્યા હતા. ત્યાં પાસબુકમાં એન્ટ્રી કરાવતા તેમને આંચકો લાગ્યો હતો, કારણ કે તેમના ખાતામાંથી મોટી રકમ ડેબિટ થઈ ચૂકી હોવાનું બહાર આવ્યું હતું. તેમણે કોઈપણ પ્રકારનું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કર્યું ન હતું.

# કુખ્યાત રાજાબિહારી પર હુમલો કરનાર છ ઝડપાયા

**22 ગુના** નોંધાયા છે તે માથાભારેને દોડાવી દોડાવીને મારનારા મુંબઇમાંથી ઝડપાયા

સુરતઃ હત્યા સહિત 22 ગંભીર ગુનામાં સંડોવાયેલા કુખ્યાત આરોપી મહેશ ઉર્ફે રાજા બિહારી પર હુમલો કરનાર છ આરોપીને પોલીસે મુંબઇના નાલાસોપારામાંથી ઝડપી લીધા છે. માત્ર 50 હજાર રૂપિયાની લેતીદેતીમાં આ હુમલો કરવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના વિસ્તારમાં સોનલ ઈન્ડસ્ટ્રીઝ નજીક એક અઠવાડિયા પહેલા હથિયારો સાથે કારમાં આવેલા 7થી 8 ઈસમોએ મહેશ ઉર્ફે રાજા બિહારી ચપ્પુ અને પાઈપથી હુમલો કર્યો હતો. આ બદમાશોએ જેના પર હત્યાનો પ્રયાસ અને લૂંટ સહિતના ગંભીર 22 ગુના નોંધાયા છે તે રાજા બિહારીને દોડાવી દોડાવીને માર્યો હતો. આ હુમલાના સીસીટીવી ફૂટેજ રૂંવાટા ઊભા કરી દે તેવા હતાં. હુમલાની પાછળ 50 હજાર રૂપિયાની લેતીદેતી મુખ્ય હતું. ફરિયાદી હિતેશ ગુપ્તાના જણાવ્યા મુજબ, રાજા બિહારીએ રાઘવ ઉર્ફે પોલાદ તિવારીને 50 હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા. જે રકમ પરત માગતા બંને વચ્ચે ફોન પર ઉગ્ર બોલાચાલી થઈ હતી જેનો બદલો લેવા માટે રાજા બિહારી તેના ભાઈ અને મિત્રો સાથે દત્ત કુટીર નજીક ઊભો હતો, ત્યારે હુમલાખોરો તૂટી પડ્યા હતા. આ હુમલામાં સંડોવાયેલા છ આરોપીઓને પોલીસે મુંબઈના નાલાસોપારા વિસ્તારમાંથી ઝડપી લીધા છે.

### પકડાયેલા આરોપીઓ

(1)અજીત ઉર્ફે ગુડ્ડુ ચંદ્રભાન ચૌધરી(ઉ.વ.૨૩ ધંધો- બેકાર રહે, શ્રદ્ધા સોસાયટી માર્ક પોંઈન્ટની પાછળ ડિંડોલી સુરત, મૂળવતન ગામ.બસ્તી તા.વલટરગંજ જિલ્લો.બાસી, યુ.પી.), (2)પ્રખર ઉર્ફે બોક્સર સંજય મિશ્રા (ઉ.વ. ૩૪ ધંધો- ઇવેન્ટમાં બાઉન્સર, રહે,રાધેક્રિષ્ણ નગર નવાગામ ડિંડોલી સુરત, મૂળવતન ગામ. રાનીપટ્ટી પોસ્ટ.મોકલપુર થાના. મડીયાહુ તા.મડિયાહુ જિલ્લો. જોનપુર, યુ.પી.),(3) રાઘવેન્દ્ર ઉર્ફે રાઘવ ઉર્ફે પોલાડ બ્રીજેશભાઇ તિવારી (ઉ.વ.૨૬ ધંધો- નોકરી રહે,મરબરી એવન એપાર્ટમેન્ટ ભેસ્તાન પ્રિયંકા ચોકડી પાસે ભેસ્તાન સુરત, મૂળ વતન ગામ.પહસના પોસ્ટ. નિજામુદ્દીનપુર થાના.સિકરારા જિલ્લો.જોનપુર, યુ.પી.),(4) શનિ સંતોષ પાંડે (ઉ.વ. ૨૬ ધંધો- ફાયનાન્સનુ રહે,અંબાનગર કાપડિયા હેલ્થ કલબની પાછળ ભટાર સુરત, મૂળવતન ગામ. ભગતપુર પોસ્ટ.બકસા થાના.તા.બદલાપુર જિલ્લો.જોનપુર, યુ.પી.), (5) દેવેન્દ્ર ઉર્ફે મેજર બ્રીજેશભાઇ તિવારી (ઉ.વ-૧૮ ધંધો-અભ્યાસ રહે,મલબરી હેવેન્સ પ્રિયંકા ચોકડી પાસે ડિંડોલી સુરત, મૂળ વતન ગામ.પહસના.થાના.સિકરારા જી.જોનપુર ઉત્તર પ્રદેશ (6) રતનેશસિંગ ઉર્ફે ગગન અનિલસિંગ ઠાકુર (ઉ.વ- ૩૦ રહે,મલબરી હેવેન્સ પ્રિયંકા ચોકડી પાસે ડિંડોલી સુરત, મૂળ વતન ગામ. પહસના થાના સિકરારા જી.જોનપુર ઉત્તર પ્રદેશ)

# અનૈતિક સંબંધમાં સરથાણાના બિલ્ડરની હત્યા થઇ હતી

**પોલીસે** વકીલ સહિત ત્રણને ઝડપી પાડ્યા, ત્રણ આરોપી ફરાર



સુરતઃ કતારગામ વિસ્તારમાં સરથાણાના યુવાન બિલ્ડરની ચપ્પુના ઘા મારી કરાયેલી હત્યાનો પોલીસે ગણતરીના કલાકોમાં ખુલાસો કર્યો છે. મહિલા સાથેના અનૈતિક સંબંધમાં આ હત્યા થઇ હતી. કતારગામ પોલીસે વકીલ સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ત્રણની શોધખોળ તેજ કરવામાં આવી છે.

સરથાણા યોગીચોક વિસ્તારમાં રહેતા અને સુરત તથા ભરૂચમાં બાંધકામના અનેક પ્રોજેક્ટ ધરાવતા 46 વર્ષીય બિલ્ડર વિપુલભાઈ રવજીભાઈ માંડાણીની 12 જાન્યુઆરીના રોજ જાહેરમાં ચપ્પુના ઘા મારી હત્યા કરવામાં આવી હતી.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જીરા ગામના વતની વિપુલભાઈ સુરતના સરથાણા તથા વરાછા વિસ્તારમાં ચાર જેટલા બાંધકામ પ્રોજેક્ટ કરી ચૂક્યા હતા, જ્યારે હાલ ભરૂચ ખાતે તેમનો એક મોટો પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો. ઘટનાના દિવસે બપોરે અંદાજે ત્રણ વાગ્યાના અરસામાં તેઓ કામકાજ માટે કતારગામના ધનમોરા ચાર રસ્તા નજીક આવેલા જે.કે.પી. નગર વિસ્તારમાં ગયા હતા. ત્યાં બિલ્ડરને ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા.

લોહીલુહાણ હાલતમાં વિપુલભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા આ કેસની પોલીસ પોલીસ તપાસમાં ખુલ્યું છે કે એક મહિલા સાથેના અનૈતિક સંબંધને લઈ વિપુલભાઈ અને આરોપીઓ વચ્ચે અગાઉથી અદાવત ચાલી રહી હતી. જેના કારણે આ હત્યા થઇ હતી.

### પોલીસે આરોપીઓની સાથે રહી ઘટના સ્થળે જઇ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

બિલ્ડરની હત્યામાં પકડાયેલા આરોપીઓમાં અક્ષિન સોલંકી, હિતેશ સોલંકી અને પ્રફુલ સોલંકીનો સમાવેશ થાય છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ મહિલા સાથેના અનૈતિક સંબંધને કારણે હત્યાનો ગુનો આચર્યો હોવાની કબૂલાત કરી છે. વિપુલ માંડાણી પોતાની બહેનના ઘરે કતારગામના જે.કે.પી. નગર વિસ્તારમાં આવ્યા હતા, ત્યારે આરોપીઓએ તેમની પર હુમલો કર્યો હતો. તમામ આરોપીઓ જે.કે.પી. નગર વિસ્તારમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. પકડાયેલા પ્રફુલ સોલંકી વ્યવસાયે વકીલ હોવાનું પણ જાણવા મળ્યું છે. જ્યારે આ હત્યામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપી અજય સોલંકી, પ્રવીણ સોલંકી અને કુલદીપ પટેલ હજુ ફરાર છે. પોલીસે પકડાયેલા આરોપીનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું

# પનાસનાં 704 કુટુંબનું ભાવિ અધ્ધરતાલ

**PPP** ધોરણે જર્જરિત આવાસોના પુનર્નિમાણ માટે મનપાએ 3-3 ટેન્ડર બહાર પાડ્યાં, હવે મુદત ફરી લંબાવી

સુરતઃ અઠવા ઝોનમાં પનાસગામ ખાતેના જર્જરિત ઇડબ્લ્યુએસ (EWS) આવાસોના પુનઃનિર્માણનો પ્રોજેક્ટ હાલ ઘોંચમાં પડ્યો હોય તેવું જણાય છે. ટીપી સ્કીમ નં. 4 (ઉમરા-સાઉથ)ના ફાઇનલ પ્લોટ નં. 134માં સ્થિત આ આવાસોને પીપીપી (PPP) ધોરણે રિડેવલપમેન્ટ કરવા માટે સુરત મહાનગરપાલિકાએ અત્યાર સુધીમાં ત્રણ વખત ટેન્ડર પ્રસિદ્ધ કર્યા છે, પરંતુ એક પણ ઈજારદારે આ પ્રોજેક્ટમાં રસ દાખવ્યો નથી. છેલ્લે 1 ડિસેમ્બર 2025ના રોજ ત્રીજી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હોવા છતાં કોઈ પ્રતિસાદ નહીં મળતા હવે પાલિકાએ ટેન્ડર ભરવાની મુદત લંબાવવાની ફરજ પડી છે.

આ પ્રોજેક્ટ હેઠળ 704 જર્જરિત આવાસોને તોડી પાડી ત્યાં નવા આધુનિક આવાસો બનાવવાનું લક્ષ્ય છે, પરંતુ એજન્સીઓ તરફથી મળતા નબળા પ્રતિસાદને કારણે અહીં રહેતા 704 પરિવારની હાલત કફોડી બની છે. અગાઉ માન દરવાજા ટેનામેન્ટના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં પણ ઈજારદાર શોધવા માટે પાલિકાને ભારે જહેમત ઉઠાવવી પડી હતી, ત્યારે હવે પનાસના આવાસો માટે પણ ઈજારદાર શોધતા પાલિકાને પરસેવો છૂટી રહ્યો છે. જો આગામી દિવસોમાં કોઈ એજન્સી આગળ નહીં આવે, તો આ આવાસ ધારકોના નવા ઘરનું સપનું વધુ લાંબુ ખેંચાઈ શકે છે.

## છાપરાભાઠામાંથી મળેલા શ્રમજીવીનું મોત

સુરતઃ છાપરાભાઠામાં ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા ચોકબજારના શ્રમજીવી યુવકનું મોત થયું હતું. ચોકબજાર ફૂટપાથ પર 45 વર્ષીય ચિન્ટુ અર્જુન સિંગ રહેતો શ્રમજીવી ત્રીજી જાન્યુઆરીના રોજ સવારે છાપરાભાઠા પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. જેથી તેને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત થયું હતું.

## આવકાર અર્બન સોસાયટીના લોન ડિફોલ્ટરને એક વર્ષની કેદની સજા

સુરતઃ આવકાર અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ના ડીફોલ્ટર હસમુખભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને કોર્ટે એક વર્ષની કેદની સજા ફટકારી છે.

સુરત શહેરના વરાછા વિસ્તારના રહીશ હસમુખભાઈ લક્ષ્મણભાઈ બારૈયાએ ફરીયાદીની સંસ્થા આવકાર અર્બન કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિ. પાસેથી અંગત ધંધાના ઉપયોગ અર્થે લોન લીધી હતી. જે નાણાંની પરત માંગણી કરતાં આરોપી હસમુખભાઈ લક્ષ્મણભાઈ બારૈયાએ ફરિયાદી સંસ્થાને ચેક આપ્યો હતો, જે ચેક રિટર્ન થતાં સંસ્થાએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. ટ્રાયલ કોર્ટે ફરીયાદી તરફે એડવોકેટની દલીલો માન્ય રાખી આરોપી હસમુખભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો છે.

# વિદેશી છાત્રોની નવેસરથી નોંધણી કરવા આદેશ

**સરકારે** નવા ઇમિગ્રેશન કાયદા હેઠળ યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ માટે ફરજિયાત નોંધણી પ્રક્રિયાનું મેમોરન્ડમ જાહેર કર્યું

**ફોર્મ-II** રજૂ કરવાની, વિદેશી વિદ્યાર્થીઓ અંગે માહિતી આપવી કાયદેસરની ફરજ, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે વધારાની જવાબદારી

સુરતઃ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ ઓફિસ મેમોરેન્ડમ જાહેર કરાયું છે. આ સૂચના અનુસાર દેશમાં વિદેશી નાગરિકો અને ઈમિગ્રેશન સંબંધિત તમામ જોગવાઈઓને એક જ કાયદામાં સંકલિત કરવામાં આવી છે, જેને "ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ, 2025"નામ આપવામાં આવ્યું છે. સાથે જ "ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ રૂલ્સ, 2025"પણ અમલમાં મૂકવામાં આવ્યા છે. જે અંતર્ગત વિદેશી વિદ્યાર્થીઓ માટે નવી ઈમિગ્રેશન કાયદા હેઠળ યુનિવર્સિટીઓ માટે ફરજિયાત નોંધણી પ્રક્રિયા કરવાની રહેશે.

નવા કાયદાની કલમ-9 મુજબ, દેશમાં કોઈપણ યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થા અથવા અન્ય સંસ્થા દ્વારા જો કોઈ વિદેશી નાગરિકને પ્રવેશ આપવામાં આવે, તો તે સંસ્થાએ સંબંધિત રજિસ્ટ્રેશન અધિકારીને ફરજિયાત રીતે માહિતી આપવી પડશે. આ માહિતી સરકાર દ્વારા નિર્ધારિત રીત મુજબ જ આપવાની રહેશે.

ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ રૂલ્સ, 2025ના નિયમ-16 મુજબ, દરેક યુનિવર્સિટી, કોલેજ, શાળા કે અન્ય શૈક્ષણિક સંસ્થાએ વિદેશી વિદ્યાર્થી અથવા ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડધારક વિદ્યાર્થીઓ અંગેની માહિતી ઈલેક્ટ્રોનિક રીતે ફોર્મ-IIમાં નોંધણી અધિકારીને મોકલવાની રહેશે. આ માહિતી સરકાર દ્વારા નિર્ધારિત ઓનલાઈન પોર્ટલ અથવા મોબાઈલ એપ્લિકેશન મારફતે, નિયમોમાં દર્શાવેલી સમયમર્યાદામાં રજૂ કરવાની રહેશે.

### રાષ્ટ્રીય સુરક્ષા અને ઇમિગ્રેશન પાલન માટે મહત્ત્વપૂર્ણ

સરકારના જણાવ્યા મુજબ, ફોર્મ-II એ ઇમિગ્રેશન કાયદાનું પાલન અને રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)ને આ કાયદાકીય જોગવાઈઓ મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં ફોર્મ-II રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે. આ સાથે ફોર્મ-IIનું નમૂના (ટેમ્પલેટ) પણ સંસ્થાઓને ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

# ભટારના જોગર્સ પાર્કને નવા રંગ અપાશે, કસરતના નવા સાધનો આવશે

**કસરતનાં** સાધનો જર્જરિત થવા સહિતની વ્યાપક ફરિયાદો હતી, 5.50 કરોડના ખર્ચે રિડેવલપમેન્ટ પ્લાનને શાસકો સમક્ષ રજૂ કરાયો

સુરતઃ અઠવા ઝોનમાં કૃષિ યુનિવર્સિટી પાસેના જોગર્સ પાર્કમાં દરરોજ મોટી સંખ્યામાં લોકો મોર્નિંગ અને સાંજે વોક કરવા માટે આવતા હોય છે. આ જોગર્સ પાર્કમાં કસરતના સાધનો પણ છે, પરંતુ હવે તે જર્જરિત થયા હોવાથી, સ્થાનિકોની માંગને ધ્યાને રાખી આ જોગર્સ પાર્કને રીડેવલપ કરવાનું આયોજન મનપા દ્વારા કરાયું છે. મુરલીધર રોડથી કે.પી. સર્કલ સુધીના અંદાજે 1160 મીટર લાંબા જોગર્સ પાર્કને આધુનિક રીતે તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી પ્રતિક્ષિત આ કામગીરી માટે મનપા દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં 5.50 કરોડથી વધુના ખર્ચને મંજૂરી માંગતી દરખાસ્ત શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. નવસારી કૃષિ યુનિવર્સિટી (મુરલીધર રોડ)થી કે.પી. સર્કલ સુધીના બી.આર.ટી.એસ. રૂટ પરના આ જોગર્સ પાર્ક સ્થાનિકો માટે વોક કરવા માટેનું સ્થળ છે. વર્ષો જૂના આ હયાત જોગર્સ પાર્કને ફરીથી નવો ઓપ આપવા માટે અને વધુ સુવિધાસભર બનાવવા માટે આ રીડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક કોર્પોરેટર દ્વારા આ વોક-વેના રીનોવેશન માટે અગાઉ વખતોવખત રજૂઆત કરવામાં આવી હતી. જોગર્સ પાર્કમાં કસરતના સાધનો હવે તુટેલી હાલતમાં છે, જેથી હવે તેને રીનોવેટ કરવાની તૈયારી કરવામાં આવી છે.

# હવાનું પ્રદૂષણ ફેલાવતી બાંધકામ સાઇટોને એક કરોડનો દંડ કરાયો

**શહેરની** હવા બગડતા સુરત મનપાએ મોનિટરિંગ સઘન બનાવી કડક કાર્યવાહી હાથ ધરી

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી એક્યૂઆઇ (AQI)નું સ્તર વધતા સુરત મહાનગરપાલિકાએ વાયુ પ્રદૂષણ અટકાવવા માટે કડક પગલાં લેવાની શરૂઆત કરી છે. પ્રદૂષણના વધતા સ્તરને ધ્યાનમાં રાખી પાલિકાએ વિવિધ સેક્ટરોને જરૂરી સૂચનાઓ આપી છે, જેમાં ખાસ કરીને રિયલ એસ્ટેટ સેક્ટર પર કડક નજર રાખવામાં આવી રહી છે. જીપીસીબી (GPCB) દ્વારા નિર્માણાધીન સાઇટ પર વાયુ પ્રદૂષણ રોકવા માટે જરૂરી પગલાં અંગે ગાઇડલાઇન બહાર પાડવામાં આવી છે અને તેનો અમલ કરાવવા પાલિકા દ્વારા વારંવાર સૂચના આપવામાં આવે છે. તાજેતરમાં વાયુ પ્રદૂષણની સમસ્યામાં વધારો થતાં મનપાએ છેલ્લા દોઢ મહિનાથી શહેરભરના તમામ નિર્માણાધીન પ્રોજેક્ટ્સ પર મોનિટરિંગ સઘન બનાવ્યું છે.

પાલિકાના અધિકારીઓ સાઇટ પર જઈ તપાસ કરી રહ્યા છે કે ગ્રીન નેટ લગાવવામાં આવી છે કે નહીં? માટી પર નિયમિત પાણીનો છંટકાવ થાય છે કે કેમ? તેમજ સ્ટોર કરાયેલા બાંધકામના મટીરિયલ્સ યોગ્ય રીતે ઢાંકવામાં આવ્યા છે કે નહીં? તપાસ દરમિયાન કેટલીક સાઇટ પર ગાઇડલાઇનનું ઉલ્લંઘન થતું હોવાનું સામે આવતાં પાલિકાએ કડક કાર્યવાહી કરી છે. ખાસ કરીને ગ્રીન નેટ નહીં લગાવનારા બિલ્ડરો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી કુલ રૂ.1 કરોડની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે. પાલિકા અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે વાયુ પ્રદૂષણ નિયંત્રણ માટે આ અભિયાન આગામી દિવસોમાં પણ સતત જારી રહેશે અને નિયમો ભંગ કરનારા સામે વધુ કડક પગલાં લેવામાં આવશે.


Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઇ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009
શાખા કાર્યાલયઃ C/o મુથૂટ ફાઇનાન્સ લિમિટેડ, પહેલો માળ, પરિસર નં. ૧ અને ૨, "શાંતિ કોમ્પ્લેક્સ", રિલાયન્સ મોલ પાસે, ગુંજન, રોડ, જીઆઇડીસી, વાપી, ગુજરાત ૩૯૬૧૯૧

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]

**પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ**

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા બાદ અહીં નીચે વર્ણવ્યા મુજબ સ્થાવર મિલકત ખરીદવા માટે નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે, જે 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જે કબજામાં છે. જેની વિગતો નીચે આપેલ છેઃ-

| ક્રમ નં. | ઋણ લેનાર/ઓ/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | ટુનટુન મહેશ રાય/ વિજયભાઈ મહેશ રાય/ 004-00000246/ સુરત | 20-માર્ચ-2025/ રૂ. 7,55,575/- સાત લાખ પંચાવન હજાર પાંચસો પંચોતેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, તુલસી રેસીડેન્સી સુરત કડોદરા રોડ, તથીથૈયા સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-૨ સુરત, ગુજરાત - 394305 | રૂ. 1,00,000/- એક લાખ રૂપિયા પૂરા | રૂ. 10,000/- દસ હજાર રૂપિયા પૂરા |
| 2. | સંજય પાંડુરંગ બોરસે/ મીનાબાઈ સંજય બોરસે/ 004-00401994/ સુરત | 13-જાન્યુ.-2020/ રૂ. 10,10,378/- દસ લાખ દસ હજાર ત્રણસો ઈઠોતેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. બી-૨૦૭ સ્વસ્તિક રેસી શિવમ રેસી કડોદરા પલસાણા સુરત ગુજરાત- ૩૯૪૩૨૭ | રૂ. 3,00,000/- ત્રણ લાખ રૂપિયા પૂરા | રૂ. 30,000/- તીસ હજાર રૂપિયા પૂરા |
| 3. | લિયાકતઅલી ગુલામહુસેન પઠાણ/ ફરહાના લિયાકતઅલી પઠાણ/ 004-00000220/સુરત | 29-ડિસે.-2018/ રૂ. 7,19,659/- સાત લાખ ઓગણીસ હજાર છસ્સો ઓગણસાઇઠ રૂપિયા પૂરા | પ્લોટ નં. એ/૧૭૦, ૫૧.૫૦ ચોરસ મીટર વિસ્તાર, "આરઝુ રેસીડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં, સર્વે નં. ૨૧૮૪, સીટ નં. ૬૦, ચલ્ટા નં. ૧, અલનૂર એપાર્ટમેન્ટ પાસે, સાહોલ- કોસંબા રોડ, ગામ તરસાડી, તા. માંગરોળ, જિલ્લો સુરત- ૩૯૪૧૨૦. ગુજરાત ખાતે સ્થિત છે. સંયુક્ત સબ રજિસ્ટ્રાર માંગરોળની ઓફિસમાં તારીખ ૨૮/૧૨/૨૦૧૬ના રોજ એસઆર. નં. ૭૬૪૯/૨૦૧૬ સાથે દસ્તાવેજ તરીકે નોંધાયેલા વેચાણ દસ્તાવેજમાં વધુ ઉલ્લેખિત છે. | રૂ. 3,50,000/- ત્રણ લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 35,000/- પાંત્રીસ હજાર રૂપિયા પૂરા |
| 4. | અનિલકુમાર બ્રજકિશોર શ્રીવાસ્તવ/ શિલા અનિલકુમાર શ્રીવાસ્તવ/ 004-00000436/ સુરત | 26-ઓગ્સ.-2023/ રૂ. 4,84,796/- ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છન્નું રૂપિયા પૂરા | પ્લોટ નં. ૭૦, ડિવાઈન વિલા માંગરોળ, કોસંબા કરમાલી રોડ અપના ઘર કોમ્પ્લેક્સ પાછળ / ડિવાઈન સ્કૂલ સુરત ગુજરાત - ૩૯૪૧૨ | રૂ. 2,75,000/- બે લાખ પંચોતેર હજાર રૂપિયા પૂરા | રૂ. 27,500/- સત્તાવીસ હજાર પાંચસો રૂપિયા પૂરા |
| 5. | ભેરુલાલ શોંભુલાલ રબારી/ પપુદીબાઈ ભેરુલાલ રબારી/ 004-00401665/ સુરત | 20-માર્ચ-2025/ રૂ. 4,14,372/- ચાર લાખ ચૌદ હજાર ત્રણસો બોત્તેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, એ-મારુતિ રેસીડેન્સી, સુરત-બારડોલી રોડ, શિવમ રેસીડેન્સી, કડોદરા, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ. નં. ૧૦૨/૧, ૧૦૨/૨, બ્લોક નં. ૧૦૪, ૧૦૫ લેન્ડમાર્ક સેજલ હોસ્પિટલ જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- ૩૯૪૩૨૭ દિશાઓ ઉત્તર- સંલગ્ન બ્લોક નં. ૧૦૬ ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૪, પૂર્વ - સંલગ્ન પ્લોટ નં. ૫૦ થી ૫૨, પશ્ચિમ - કચ્છ રોડ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 6. | માલ્તીબેન રિવન્દ્ર તલગોટે/ રવિન્દ્ર મધુકર તલગોટે/ 059-05900050/વાપી | 05-જાન્યુઆરી-2024/ રૂ. 7,69,220/- સાત લાખ ઓગણ સિત્તેર હજાર બસો વીસ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, મૈત્રી રેસીડેન્સી વાપી ચારવાડા રોડ, રમઝાનનગર, રામ મંદિર પાસે ચારવાડા વાપી સુરત ગુજરાત ૩૯૬૧૯૫. તારીખ- ૦૨/૦૨/૨૦૧૮ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૦૧૧૭૮/૨૦૧૮માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત. સબ રજિસ્ટ્રાર વાપીની ઓફિસમાં. સીમાઓ - ઉત્તર - ખુલ્લો પ્લોટ, દક્ષિણ - ખુલ્લો પ્લોટ, પૂર્વ - ખુલ્લો પ્લોટ, પશ્ચિમ - સોસાયટી રોડ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 7. | હિતેન્દ્ર મધુસુદન જાદવ/ કિરણ હિતેન્દ્ર જાદવ/059-05900080/વાપી | 12-નવેમ્બર-2024/ રૂ. 4,38,053/- ચાર લાખ આડત્રીસ હજાર તેપ્પન રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૬ ત્રીજો માળ મૈત્રી એપાર્ટમેન્ટ રમઝાનનગર ગણેશ ચોક વાપી - ચરવાડા રોડ ચરવાડા વાપી વાપી ઉત્તર ગુજરાત - ૩૯૬૧૯૫ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 8. | શશીપ્રકાર આર. તિવારી/ પ્રિતી એસ. તિવારી/ 004-00000013/સુરત | 18-ફેબ્રુઆરી-2025/ રૂ. 6,01,965/- છ લાખ એક હજાર નવસો પાસઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૫ મકાનનું નામ અને નંબર વૈભવ રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટીમાં વિભાગ - ૨ સર્વે નં. ૧૩૩ રોડનું નામ ખારાચ રોડ લેન્ડમાર્ક ફ્લાય ઓવર, ગામનું નામ કડોદરા જિલ્લો કડોદરા રાજ્ય ગુજરાત પિનકોડ - ૩૯૪૩૨૭. ઉત્તર- બાલાજી રેસિડેન્સી, દક્ષિણ -ફ્લેટ નં. ૧૦૪, પૂર્વ -પેસેજ, વેસ્ટ -રોડ. | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 9. | સતીષકુમાર શ્રીકાંત સિંઘ/ નિરમલા દેવી શ્રીકાંત સિંઘ/ 004-00403406/ સુરત | 23-ફેબ્રુઆરી-2024/ રૂ. 10,54,806/- દસ લાખ ચોપ્પન હજાર આઠસો છ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, શિવ રેસિડેન્સી, શિવમ રેસિડેન્સી, સુરત બારડોલી રોડ કડોદરા, પલસાણા, સુરત | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 10. | રાજેશભાઈ નાગરજીભાઈ મદ્રાસી/ ડામીની રાજેશભાઇ મદ્રાસી/ 004-00403786/ સુરત | 03-ઓક્ટોબર-2019/ રૂ. 8,52,629/- આઠ લાખ બાવન હજાર છસો ઓગણત્રીસ રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, સાઈ એવન્યુ, મકાન-એ. શિવમ રેસીડેન્સી, સુરતની બહાર, બારડોલી રોડ, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 11. | વિનોદ જયેશ્વર/ પરમીલા જયેશ્વર/ 004-00406230/ સુરત | 25-માર્ચ-2021/ રૂ. 6,42,762/- છ લાખ બેતાલીસ હજાર સાતસો બાસઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૬, ત્રીજો માળ, વૈભવ લક્ષ્મી રેસી. શિવમ રેસિડેન્સી, આર.એસ. નં. ૧૦૨/૧,૧૦૨/૨, કડોદરા, પલસાણા, સુરત સુરત ગુજરાત- ૩૯૪૩૨૭. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ- ૦૭-જાન્યુઆરી-૧૯ના રોજ નોંધાયેલા વેચાણ કરાર નં. ૫૪૧-૨૦૧૯માં વધુ ઉલ્લેખિત છે. સીમાઓ - ઉત્તર - ફ્લેટ નં. ૩૦૫, દક્ષિણ - ફ્લેટ નં. ૩૦૭, પૂર્વ - બગીચો, પશ્ચિમ - પેસેજ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 12. | અર્જુન સનકથા - પ્રસાદ સિંઘ/ પૂનમ અર્જુન સિંઘ/ 004-00405730/ સુરત | 27-જાન્યુઆરી-2021/ રૂ. 5,88,459/- પાંચ લાખ અઠયાસી હજાર ચારસો ઓગણસાઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૨, ત્રીજો માળ, વૈભવલક્ષ્મી રેસિડેન્સી, શિવમ રેસી. કડોદરા, પલસાણા, સુરત સુરત ગુજરાત ૩૯૪૩૨૭. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ ૧૯/૦૯/૨૦૧૮ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નંબર ૧૮૮૦૭-૨૦૧૮ માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત. સીમાઓ - ઉત્તર - એડજ બિલ્ડિંગ, દક્ષિણ - એડજ ફ્લેટ નંબર ૩૦૧, પૂર્વ - એડજ પેસેજ, પશ્ચિમ - એડજ રોડ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 13. | રોશન લક્ષ્મણ કોઠેકર / પુષ્પા કોટેકર / 004-00405411 / સુરત | 20-જાન્યુ-2025 / રૂ.5,65,100/- પાંચ લાખ પાસઠ હજાર એકસો રૂપિયા પૂરા | ફ્લેટ નંબર B2-103, પહેલો માળ, શ્રી સાઈ પૂજન, બિલ્ડિંગ - B2, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-૨, સુરત બારડોલી હાઇવેની બહાર, આર.એસ. નંબર ૨૦૧/૨, બ્લોક નંબર ૨૬૮, બગુમારા, પલસાણા, સુરત, પિન કોડ- ૩૯૪૩૨૭ ઉત્તરઃ ખુલ્લો પ્લોટ, દક્ષિણઃ સોસાયટી રોડ, પૂર્વઃ કોસિટી રોડ, પશ્ચિમઃ સોસાયટી રોડ | રૂ. 1,80,000/- એક લાખ એંસી હજાર રૂપિયા પૂરા | રૂ. 18,000/- અઢાર હજાર રૂપિયા પૂરા |
| 14. | સંદિપ શિવનારાયણ પાંડે / અનુરાધા સંદિપ પાંડે / 004-00405142 / સુરત | 11-ડિસે.-2024 / રૂ.6,43,972/- છ લાખ તેતાલીસ હજાર નવસો બોત્તેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ ૩૦૩, ત્રીજો માળ, શાંતિકેતન પ્લાઝા -૧, નવદુર્ગા ફ્લ્યુ, કડોદરા કેનાલ રોડની બહાર, કડોદરા ક્રોસ પાસે રોડ, સુરત-મુંબઈ હાઇવેની બહાર, કડોદરા, સુરત બ્લોક બ્લોક નં. ૧૪૧, ૧૪૪ લેન્ડમાર્ક કડોદરા કેનાલ રોડની બહાર જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ ૩૯૪૩૨૭ ઉત્તર-વિંગ સી, દક્ષિણ-રોડ, પૂર્વ-વિંગ બી, પશ્ચિમ- સંલગ્ન બિલ્ડિંગ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 15. | ઘનશ્યામ દેવીનાથ પાંડે / રઘુનાથ દેવીનાથ પાંડે / 004-00000603 / સુરત | 18-ફેબ્રુ-2025 / રૂ.4,07,698/- ચાર લાખ સાત હજાર છસ્સો અઠ્ઠાણું રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૨૦૬ મકાનનું નામ અને નંબર અંજની રેસીડેન્સી સર્વે નં. ૨૨૬/૨/બી, બ્લોક નં. ૨૩૭, પૈકી પ્લોટ નં. ૧૬,૧૭,૧૮, લોકેશન સચિન લેન્ડમાર્ક કાલીમાતા મંદિર નજીક. શહેરનું નામ સુરત જિલ્લો સુરત રાજ્ય ગુજરાત દેશ ભારત પિનકોડ-૩૯૪૨૩૦ દિશાઓઃ ઉત્તર- સીડી, દક્ષિણ- રસ્તો, પૂર્વ- અન્ય ફ્લેટ, પશ્ચિમ રસ્તો. | રૂ. 1,70,000/- એક લાખ સિત્તેર હજાર રૂપિયા પૂરા | રૂ. 17,000/- સત્તર હજાર રૂપિયા પૂરા |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 03- ફેબ્રુઆરી - 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 02- ફેબ્રુઆરી -2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 04- ફેબ્રુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744

તારીખઃ 14 જાન્યુઆરી, 2026
સ્થળઃ સુરત, વાપી

એસડી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ